H.C.Cris.Civil,P.P.13,14,Circular No.30 Edition 1903 Civil A 27g.

પ્રોસી. તરફની સાહેદી નંબર– ૧૧ ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરી કહું છું કે–

મારૂ નામ :– મુસ્તાક પિતા/પતિનુ નામ :– અબ્દ્રીમ સમા

ધંધો :– દુધની ડેરી

ઉમર (આશરે) વર્ષ :– ૧૯

રહેવાનુ ગામ:– મોટા(ખાવડા) તા. ભુજ જીલ્લો : કચ્છ

**સોગંદ આપ્યા.**

**<u>સરતપાસ વિ.એ.પી.પી.શ્રી એસ.એ. મહેશ્વરી</u>**

1. તા. ૨૪.૦૫.૨૩ ના રોજ હું મારી દુધનીડેરી આગળ ઉભો હતો ત્યારે મારા ગામનો સાધક હારુન દોડતો દોડતો આવેલ અને મને કહેલ કે અમારા કુટુંબી ભાઈ સોહેબને છરી લાગેલ છે અને લોહી નીકળેલ છે તેને ખાવડા દવાખાનામાં લઈ જવાનો જણાવેલ અને છકડો લઈ આવવા માટે જણાવેલ જેથી હું અમારા ઘરે ગયેલો અને અમારો છકડો લઈને સોહેબના ઘરે ગયેલ અને ત્યાંથી સોહેબને હું, અલાના જાકબ, જભાર અલાના, સાધક હારુન અને હકીમાબાઈ છકડામાં ખાવડા હોસ્પિટલ લઈ ગયેલા. બનાવ બાબતે પોલીસે મારું નીવેદન લીધેલ. આરોપીઓને ઓળખું છું.

**સરતપાસ પૂરી.**

**<u>ઉલટ તપાસ :– આરોપીઓ તરફે વિ.વ.શ્રી ડી.વી.ગઢવી.</u>**

2. એ વાત ખરી છે કે બનાવ મેં નજરે જોયેલ નથી બનાવ વખતે હું મારા ઘરે હતો. બનાવવાળી જગ્યા અને મારા ઘર વચ્ચે ૧૦૦ મીટરનું અંતર આવેલ છે. આ કામે જે–તે વખતે મારી પાસે ડ્રાઈવીંગ લાયસન્સ આવેલ ન હતું. આજે પણ મારી પાસે લાયસન્સ આવેલ નથી. એ વાત ખરી નથી કે મેં આવો કોઈ

છકડો લઈ અને ખાવડા સરકારી હોસ્પિટલમાં ઈજા પામનારને લઈ ગયેલ નથી.

ઉ. ત. પુરી.
ફેરતપાસ નથી.
ભુજ–કચ્છ.
તારીખ : ૨૪/૦૨/૨૦૨૫

**સાહેદ, એ.પી.પી.શ્રી, બચાવપક્ષના વિ.વ.શ્રી મોનીટર ઉપર જુબાની વાંચી શકે છે. તેથી તેઓની એપ્રુવ કરેલ જુબાનીની પ્રિન્ટ કરી કેસમાં મુકેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૭/૨૦૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા મુજબની તેની સહી લેવામાં આવેલ છે.**

મારી રૂબરૂ

આઠમા અધિક સેશન્સ જજ

ભુજ–કચ્છ.

**સાહેદની સહી**